<u>પ્રેસ.નોટ તા.૦૭/૦૭/૨૦૨૩</u>

<u>બગસરા તાલુકાના નવા પીપરીયા ગામેથી એક ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂ (IMFL)ની કુલ બોટલ નંગ - ૬૮ કિ.રૂ.૨૫,૫૦૦/- નાં મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૦૬/૦૭/૨૦૨૩ નાં રોજ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમી હકિકત આધારે બગસરા તાલુકાના નવા પીપરીયા ગામની બહાર, પડતર જગ્યા પાસેથી એક ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી લઇ પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➩ **પકડાયેલ આરોપીઓઃ-**

નરેશ ઉર્ફે નિકુંજ ગોવિંદભાઇ પરમાર, ઉ.વ.૨૩, રહે.નવા પીપરીયા, તા.બગસરા, જિ.અમરેલી.

➩ **પકડવાના બાકી આરોપીઓઃ-**

(૧) મનીષ ઉર્ફે પારલે રાબડીયા, રહે.બગસરા, તા.બગસરા, જિ.અમરેલી. (૨) રવિરાજ બદરૂભાઇ વાળા, રહે.માલસીકા, તા.ધારી, જિ.અમરેલી.

➩ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

ભારતીય બનાવટની વિદેશી દારૂની મેકડોવેલ્સ નંબર- ૧, કલેકશન વ્હીસ્કી ઓરીજનલની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૬૮ મળી **કુલ કિ.રૂ. ૨૫,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમના હેડ કોન્સ.** તથા **પો કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ.નોટ તા.૦૭/૦૭/૨૦૨૩**

**લાઠી ટાઉનથી એક ઇસમને નશીલી દવાઓની બોટલ નંગ ૨૫૧ કિં.રૂ.૩૮,૫૫૦/- ના જથ્થા સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો/પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં કફ સિરપ, અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરશ્રીના પ્રિસ્ક્રીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન બાતમી રાહે હકિકત મળેલ કે, લાઠી ટાઉનમાં અમરેલી રોડ ઉપર આવેલ આલમગીરી હોટલ પાસે આવેલ એફ.એમ.ટી રેસ્ટોરેન્ટમાં એક ઇસમ શંકાસ્પદ હાલતમાં નશાકારક કેફીપીણુ રાખી તેનું વેચાણ કરેલ છે. જે હકિકત આધારે એલ.સી.બી. ટીમ દ્વારા રેઇડ દરમિયાન એક ઇસમને નશાકારક કેફી પીણાની બોટલો સાથે પકડી પાડી, મળી આવેલ નશાયુકત બોટલોમાંથી એફ.એસ.એલ. તથા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનાઓની તપાસણી અર્થે સેમ્પલ તરીકે લઇ, તમામ બોટલો શકપડતી મિલ્કત તરીકે કબ્જે કરી, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ પકડાયેલ ઇસમની વિગતઃ-

ઇકબાલ ઉમરભાઇ શેખ, ઉ.વ.૩૯, રહે.બાબરા, બસ સ્ટેન્ડની પાછળ, તા.બાબરા જિ.અમરેલી.

⇨ પકડાયેલ મુદ્દામાલઃ-

(૧) HERBY GOLD ASAVA 400 ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v M.R.P.150/-બોટલો નંગ-૮૪

(૨) ARYURVEDIC PROPRIETARY MEDICINE GERGEM ASHV-ARISHATHA 400ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v M.R.P.150/- લખેલ બોટલો નંગ-૭૧

(3) KAL MEGHASAVA ASAVA-ARISHTA 400ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v M.R.P.150/- લખેલ બોટલ નંગ-૬3

(૪) ARYURVEDIC PROPRIETARY MEDICINE SLEEPWELL ASHV-ARISHATHA 400ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v M.R.P.150/- લખેલ બોટલ નંગ 33 મળી કુલ બોટલ નંગ – ૨૫૧, **કુલ કિં.રૂ.૩૮,૫૫૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.